



A FORTNIGHTLY NEWSLETTER FROM NRGS' FOUNDATION

# NRG TIMES

CONNECTING GUJARATIS' DIASPORA GLOBALLY


75 Azadi Ka Amrit Mahotsav

પ્રકાશક : એનઆરજી ફાઉન્ડેશન, ગાંધીનગર

તા. ઓક્ટોબર ૧૫, ૨૦૨૨ • આસો વદ ૬ સંવત ૨૦૭૮



Gujarat State Non-Resident Gujaratis' Foundation
(A Government of Gujarat Organization)



**Shri Bhupendra Patel**
Hon'ble Chief Minister
Gujarat State



**Shri Harsh Sanghvi**
Hon'ble Minister of State for NRGs (Independent Charge), Govt. of Gujarat



**Shri Dhananjay Dwivedi, IAS**
Hon'ble Chairman, GSNRGF
Secretary (NRI),
Govt. of Gujarat



**Shri V. G. Rore**
Director
GSNRGF

Contact Address

**Gujarat State Non-Resident Gujaratis' Foundation**
Block No. 16, 3rd Floor,
Udhyog Bhavan, Sector - 11,
Gandhinagar.

Phone : +91-79-23238278

E-mail : nrgfoundation@yahoo.co.in

www.facebook.com/GSNRGF



FOR PRIVATE CIRCULATION ONLY



## મોઢેરા દેશનું પ્રથમ સૂર્યગ્રામ જાહેર કરતાં શ્રી મોદીએ કહ્યું, 'એ દિવસો દૂર નથી જ્યારે ગુજરાત વિમાન બનાવશે'

ત્રણ દિવસની ગુજરાતની મુલાકાતે આવેલા વડાપ્રધાન, શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રવિવાર તા. ૯મી ઓક્ટોબરે મહેસાણા ખાતેથી ભારતના સૌ પ્રથમ સતત સૌર ઊર્જાથી સંચાલિત ઐતિહાસિક મોઢેરાને 'સૂર્ય ગ્રામ' જાહેર કરી રાષ્ટ્રને સમર્પણ કરતા જણાવ્યું કે, આ સૂર્ય ગામના સમર્પણ સાથે જ સમગ્ર ઉત્તર ગુજરાત વિકાસની નવી ઉર્જાનું કેન્દ્ર બન્યું છે. ભગવાન સૂર્યના ધામ મોઢેરામાં શરદ પૂર્ણિમા અને મહર્ષિ વાલ્મિકીની પૂર્ણ્યતિથીનો ત્રિ-વેણી સંગમ રચાયો છે. સૂર્યની જેમ વિકાસનો પ્રકાશ દેશભરમાં સર્વત્ર ફેલાય તે માટે સરકાર કટીબદ્ધ છે તેમ તેમણે ઉમેર્યું હતું. તેમણે વધુમાં કહ્યું કે, આસ્થા અને ટેક્નોલોજીનો સમન્વય થતા અનેક લોકોના સપના સાકાર થઇ રહ્યા છે. સાથે-સાથે સ્માર્ટ ગુજરાત – ભારતનો સંકલ્પ સાકાર થઇ રહ્યો છે. શ્રી મોદીએ કહ્યું કે, સાયકલ બનાવવાના સાંસા હતા એ ગુજરાતમાં હવે ગાડીઓ બનવા માંડી છે. હવે એ દિવસો પણ દૂર નથી કે જ્યારે આપણે વિમાનો બનાવીશું.

ગુજરાત મુલાકાતના બીજા દિવસે વડાપ્રધાનશ્રીએ ભરૂચ જિલ્લાના આમોદ ખાતેથી રાજ્યના પ્રથમ બલ્ક ડ્રગ પાર્કના શિલાન્યાસ સહિત રૂ. ૮૨૦૦ કરોડથી વધુના વિવિધ વિકાસ કાર્યોના લોકાર્પણ-ખાતમૂર્હત સંપન્ન કર્યા હતા.

જામનગરને રૂ. ૧૪૪૮ કરોડથી વધુના વિકાસ કામોની ભેટ આપતા, ગુજરાતે દરેક ક્ષેત્રે વિકાસની નવી મિસાલ કાયમ કરી છે તેમ જણાવી જામનગર - રાજકોટનો એન્જીનીયરીંગ સ્પેર પાર્ટસના ઉદ્યોગો પીનથી માંડીને એરક્રાફ્ટના સ્પેર પાર્ટસ બનાવે છે અને હવે ઇકો-ટુરીઝમથી ઉદ્યોગ સાહસીકોને નવી તકો મળશે તેમ વડાપ્રધાનશ્રીએ સહર્ષ જણાવ્યું હતું.

ગુજરાત મુલાકાતના ત્રીજા દિવસે તેઓશ્રીએ અમદાવાદમાં સિવિલ મેડિસિટી ખાતેથી રૂ. ૧૨૭૫ કરોડના વિવિધ આરોગ્યલક્ષી પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું હતું.



(Source : https://cmogujarat.gov.in)

ગુજરાત રાજ્ય બિન નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન

### વ્હાલાં બિન-નિવાસી ગુજરાતી ભાઈઓ અને બહેનો

### દિવાળી એટલે પ્રકાશનો ઉત્સવ.

અધર્મ પર ધર્મનો, પાપ પર પુણ્યનો અને અંધકાર પર પ્રકાશનો વિજય પ્રાપ્ત કરી ભગવાન શ્રી રામ ચૌદ વર્ષનો વનવાસ પૂર્ણ કરી અયોધ્યા પરત ફર્યા હતા. આ દિવસને આપણે સહુ દિવાળી પર્વ તરીકે ઉજવીએ છીએ.

આપ સહુ બિન-નિવાસી ગુજરાતીઓ, ભલે ગુજરાતથી દૂર વસો છો પણ આપના દિલમાં સદૈવ ગુજરાતનો ધબકાર ધડકે છે, ગુજરાતની સુવાસ આપ પોતાની આસપાસ મહેસુસ કરો છો.

દૂર રહીને પણ પોતાના વતન માટે કંઈક કરી છૂટવા આપ હંમેશા તત્પર રહો છો.

આપની આ ભાવનાને તહેદિલથી સલામ.

**ચાલો, સાથે મળીને આપણી સંસ્કૃતિ અને આપણા મૂળને મજબૂત કરીએ.**

**આપ તેમજ આપના પરિવારજનોને દિવાળીની ખબ ખૂબ શુભકામનાઓ અને આવનાર નવા વર્ષ માટે અભિનંદન**

વહાલા બિન નિવાસી ગુજરાતી મિત્રો,

NRG Times માટે આપનો પ્રતિભાવ તેમજ કોઇ સુચન હોય તો મોકલી આપવા વિનંતી છે. જેથી આપના માટે પ્રકાશિત થતાં આ મેગેઝીનને વધુ ઉપયોગી બનાવી શકાય.

## રાજ્યપાલશ્રી દ્વારા ભોપાલ ગુજરાતી સમાજ ભવનના નવનિર્મિત હોલનું ઉદ્ઘાટન

મધ્યપ્રદેશના રાજ્યપાલ શ્રી મંગુભાઈ પટેલે અષ્ટમી નિમિત્તે ગુજરાતી સમાજના ગરબા કાર્યક્રમ અને મા અંબાની આરતીમાં હાજરી આપી હતી. આ પ્રસંગે તેમણે ગુજરાતી સમાજ ભવન ખાતે નવનિર્મિત હોલનું




લોકાર્પણ કર્યું હતું. કાર્યક્રમમાં રાજ્યપાલશ્રીએ સમાજના ૭૫ વર્ષથી ઉપરની વયના વડીલોનું સન્માન કર્યું હતું અને સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ આપ્યા હતા. તેમના સંબોધનમાં રાજ્યપાલશ્રી ગુજરાતી સમાજ ભોપાલના અધ્યક્ષ સંજય પટેલની નિષ્ઠા અને સમર્પણને બિરદાવતા સમાજને શુભકામના આપી હતી. (Source: www.hindusthansamachar.in)

## આસનસોલ ગુજરાતી રિલીફ સોસાયટીની સુવર્ણ જયંતિની ઉજવણી

પશ્ચિમ બંગાળના આસનસોલ ગુજરાતી રિલીફ સોસાયટીની સુવર્ણ જયંતિની ઉજવણીનું આયોજન ૮ ઓક્ટોબરે કરવામાં આવ્યું હતું. મુખ્ય મહેમાન તરીકે આસનસોલ રેલવે ડિવિઝનના ડીઆરએમ




પરમાનંદ શર્માએ સોસાયટીના મેગેઝિનનું વિમોચન કર્યું હતું. આ પ્રસંગે સોસાયટીના ચેરમેન અવિનાશ ઉપાધ્યાય, પ્રમુખ નિશાંત શેઠ ઉપરાંત અન્ય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમારોહમાં ગુજરાતી સમાજ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યા હતા. (Source: https://bengalmirrorthinkpositive.com)

## ગુજરાતી સમાજ ઓફ સધર્ન કેલિફોર્નિયાના ઉપક્રમે નવરાત્રી મહોત્સવ

એકતામાં અનેકતા અને અનેકતામાં વિવિધતાનો સંદેશ આપવા માટે ગુજરાતી સમાજ ઓફ સધર્ન કેલિફોર્નિયાના ઉપક્રમે નવરાત્રી મહોત્સવ ૨૦૨૨નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું. સિટી ઓફ નોર્વેક



સેરિટોઝ કોલેજ ખાતે ગુજરાતી સમાજના ચેરમેન ઘનશ્યામસિંહ ઝાલા, પુષ્પાબહેન પટેલ, સેરીટોઝ કોલેજના યોગી પટેલ, પરિમલ શાહની આગેવાનીમાં યોજાયેલા આ નવરાત્રી મહોત્સવમાં ગુજરાતી સમાજના ૩૦૦૦ જેટલા લોકો ગરબે ઘૂમ્યા હતા. આ પ્રસંગે અગ્રણીઓ દ્વારા ખાસ સર્ટિફિકેટ પણ એનાયત કરવામાં આવ્યા હતા. (Source: https://chitralekha.com)

## કતારના દોહામાં ગુજરાતીઓએ ગરબાની ધૂમ મચાવી

ગુજરાતીઓ જ્યાં પણ હોય નવરાત્રિમાં અચૂક ગરબાનું આયોજન થાય છે. કતારના દોહામાં ગુજરાતી સમાજ કતાર દ્વારા ગરબા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહોત્સવમાં આઝાદી કા અમૃત



મહોત્સવનું સમર્થન કરતાં વિવિધ થીમ રાખવામાં આવી હતી જેમાં એક દિવસ તિરંગા થીમ રાખવામાં આવી હતી. આ દિવસે ખેલૈયાઓ તિરંગા થીમના ચણિયા-ચોળી, કેડિયા તેમજ છત્રી લઈને ગરબાના તાલે ઝૂમ્યા હતા. ઉલ્લેખનીય છે કે ગુજરાતી સમાજ કતાર દ્વારા દર વર્ષે ગરબા મહોત્સવનું આયોજન કરવામાં આવે છે જેમાં મોટી સંખ્યામાં ગુજરાતીઓ ભાગ લે છે. (Source: https://sandesh.com)

## કોલફિલ્ડ ગુજરાતી સમાજ, ધનબાદ દ્વારા ગરબાનું આયોજન

ઝારખંડના કોલફિલ્ડ ગુજરાતી સમાજ દ્વારા બલિયાપુર રોડ સ્થિત ૧૫ એકરમાં ખેલૈયા ૨૦૨૨ રાસગરબા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. લોકપ્રિય ગાયકો સોના રાવલ અને પ્રવીણ ઉપાધ્યાયના તાલે



પરંપરાગત વસ્ત્રોમાં પુરૂષો અને મહિલાઓ મોટી સંખ્યામાં ગરબા, હુડો, સનેડો, ડાકલા, ટીમલી અને દાંડિયા રમ્યા હતા. કાર્યક્રમમાં સમાજના અધ્યક્ષ શૈલેનભાઈ વોરા, પ્રમુખ યમેશ ત્રિવેદી સહિતના હોદ્દેદારો અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા અને કતરાસ, ઝરીયા, ધનબાદથી મોટી સંખ્યામાં સમાજના લોકોએ હાજરી આપી હતી. (Source : www.livehindustan.com)

## શ્રી ગુજરાતી સમાજ ગુડગાંવ દ્વારા નવરાત્રિ મહોત્સવ

શ્રી ગુજરાતી સમાજ ગુડગાંવ (SGSG) ગુજરાતી સંસ્કૃતિ, વારસો અને મૂલ્યોના સંરક્ષણ તેમજ પ્રગતિ માટે રચાયેલી સંસ્થા છે. શ્રી ગુજરાતી સમાજ ગુડગાંવ માત્ર ગુડગાંવમાં રહેતા ગુજરાતી સમુદાયના



લોકો માટે જ નહીં પરંતુ સમાજના વિભિન્ન વર્ગો માટે વિવિધ સામાજિક કલ્યાણ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરે છે. દર વર્ષની જેમ, શ્રી ગુજરાત સમાજ ગુડગાંવ દ્વારા ૨૬ સપ્ટે.થી ૪ ઓક્ટો. ૨૦૨૨ દરમિયાન રોયલ સ્વાન બેન્ક્વેટ એન્ડ ગાર્ડન, ગુડગાંવ ખાતે SGSG નવરાત્રી મહોત્સવનું આયોજન પરંપરાગત ગુજરાતી રીતભાતથી કરવામાં આવ્યું જેમાં ગુડગાંવ ઉપરાંત દિલ્હી NCR ક્ષેત્રના લોકોએ પણ ભાગ લીધો હતો.

# ગુજરાત બહાર વસતા ગુજરાતીઓએ રચેલી સંસ્થાને સમાજ ભવનના નિર્માણ માટે ગુજરાત સરકાર દ્વારા આર્થિક સહાય

ગુજરાત સરકાર દેશવિદેશમાં રહેતા ગુજરાતીઓની હરહંમેશ પડખે છે. ગુજરાત બહાર અન્ય રાજ્યોમાં વસતા ગુજરાતીઓએ રચેલી સંસ્થાઓને ગુજરાતી સમાજ ભવનના બાંધકામ, તૈયાર મકાનની ખરીદી કે હયાત મકાનના વિસ્તરણ માટે આર્થિક સહાય આપવાની યોજના રાજ્ય સરકાર દ્વારા અમલમાં મૂકાયેલી છે.

રાજ્ય સરકાર દ્વારા કરાયેલ ઠરાવની જોગવાઈઓ અનુસાર અન્ય રાજ્યમાં વસતા ગુજરાતીઓએ રચેલી સંસ્થાઓને નિશ્ચિત શરતોને આધીન ગુજરાતી સમાજ ભવનના બાંધકામ, ખરીદી કે વિસ્તરણ હેતુ માટે તથા મરામત, સમારકામ કે નવીનીકરણના ખર્ચ પેટે આર્થિક સહાય મંજૂર કરવા ઠરાવેલ છે. અગાઉ આ ઠરાવની જોગવાઇ અન્વયે સમાજ ભવનના બાંધકામ માટે સંભવિત ખર્ચના ૨૫ ટકા અથવા રૂપિયા ૨૨ લાખ બેમાંથી જે ઓછું હોય, તે મુજબ આર્થિક સહાય મંજૂર કરવામાં આવતી હતી.

તા, ૩૦-૮-૨૦૧૯ના ઠરાવથી આ જોગવાઇઓમાં સુધારો કરવામાં આવ્યો છે, જે મુજબ હવે સમાજ ભવનના બાંધકામ માટે વધુમાં વધુ ૪૦ લાખ રૂપિયા અથવા ખરેખર ખર્ચના ૪૦ ટકા બેમાંથી જે ઓછી હોય તે રકમ સહાય તરીકે મંજૂર કરવાની અને મંજૂર થયેલ સહાય પૈકી બાંધકામ લિન્ટલ લેવલ સુધીનું થાય ત્યારે મંજૂર થયેલ સહાયની ૫૦ ટકા રકમ અને બાકીની ૫૦ ટકા રકમ બાંધકામનું કાર્ય પૂર્ણ થયા અંગેનું પ્રમાણપત્ર રજૂ કર્યા પછી ચૂકવવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

ગુજરાત સરકારે બિન નિવાસી ગુજરાતીઓ પ્રત્યે હંમેશા ઉદાર ભાવના દાખવી મહત્વના નિર્ણયો કર્યાં છે. અન્ય રાજ્યમાં આવેલ ગુજરાતી સમાજ ભવનના બાંધકામ, તૈયાર મકાનની ખરીદી કે હયાત મકાનના વિસ્તરણ માટે સહાયની રકમમાં વધારો કરીને વધુમાં વધુ રૂ. ૪૦ લાખ અથવા ખરેખર થયેલ ખર્ચના ૪૦ ટકા બેમાંથી જે ઓછુ હોય તેટલી રકમ તેમજ હયાત સમાજ ભવનના મરામત માટે સહાયની રકમમાં વધારો કરીને વધુમાં વધુ રૂ. ૧૦ લાખ અથવા ખરેખર થયેલ ખર્ચના ૪૦ ટકા બેમાંથી જે ઓછુ હોય તેટલી રકમ ચૂકવવાનો નિર્ણય કરાયો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકારે અત્યાર સુધીમાં દેશના ૯ રાજ્યોમાં આવેલા ૨૨ ગુજરાતી સમાજોને સમાજ ભવનના નિર્માણ કે મરામત માટે અંદાજિત રૂ. ૧ કરોડ ૯૦ લાખની સહાય ચૂકવી છે. છેલ્લા ૨ વર્ષમાં છત્તીસગઢના ભિલાઈનગર ખાતેના ગુજરાતી સમાજ, આસામના ગૌહાટી ખાતેના ગુજરાતી સમાજ, આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમ ખાતેના ગુજરાતી સમાજ અને ઓરિસ્સાના ભદ્રક ખાતેના ગુજરાતી સમાજ માટે આર્થિક સહાય મંજૂર કરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે આ સહાય કેટલીક શરતોને આધિન આપવામાં આવે છે, જેવીકે:

- આ સમાજ ભવનનો ઉપયોગ મૂળ ગુજરાતની કોઈ પણ વ્યક્તિને નાત, જાત, ધર્મ કે અન્ય ભેદભાવ સિવાય કરવા દેવાનો રહેશે.
- ઉક્ત સમાજ ભવનનો ઉપયોગ સાંસ્કૃતિક, શૈક્ષણિક, સામાજિક, કલા વિષયક અને કલ્યાણકારી પ્રવૃતિઓ માટે જ કરવાનો રહેશે.
- સમાજ ભવનના બાંધકામનું કામ વધુમાં વધુ ત્રણ વર્ષમાં પૂર્ણ કરવાનું રહેશે.
- સમાજ ભવનના બાંધકામનું કાર્ય પૂર્ણ થયે ખરેખર થયેલ ખર્ચની વિગતો રજૂ કરવાની રહેશે.
- આ સહાય મળી ગયા બાદ પણ સંસ્થાએ તેના વાર્ષિક હેવાલ નિયમિત રીતે ગુજરાત સરકારને મોકલવાના રહેશે.
- આ સંસ્થાનું વિસર્જન થાય ત્યારે તેના મકાનના યોગ્ય નિકાલ વખતે સંસ્થાએ ગુજરાત સરકારનો સંપર્ક સાધવાનો રહેશે અને ગુજરાત સરકારે આપેલ સહાયની રકમ વેચાણ કિંમતમાંથી પરત કરવાની રહેશે.

## બિન-નિવાસી ગુજરાતીઓને પ્રતિષ્ઠાન સાથે જોડાવા આહ્વાન



અત્યાર સુધીમાં અનેક બિન-નિવાસી ગુજરાતીઓ ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન સાથે જોડાઇ ચૂક્યા છે.

**આપ જોડાયા?**

જો આપ ન જોડાયા હોવ તો આજે જ આપનો ડેટાબેઝ (નામ અને સંપર્કની વિગતો) ઈ-મેઇલ (nrgfoundation@yahoo.co.in) દ્વારા , કુરિયર કે પોસ્ટ દ્વારા મોકલી ગુજરાત રાજ્ય બિન-નિવાસી પ્રતિષ્ઠાન સાથે જોડાવા હાર્દિક આહ્વાન છે.


## બિન-નિવાસી ગુજરાતીઓને ક્ષેત્રિય કક્ષાએ સુવિધાઓ પુરી પાડતા એન.આર.જી. સેન્ટર



બિન-નિવાસી ગુજરાતીઓને ક્ષેત્રિય કક્ષાએ સુવિધાઓ પુરી પાડવા ગુજરાત રાજ્ય બિન નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાને ગુજરાતભરમાં અમદાવાદ, આણંદ, સુરત, વડોદરા, રાજકોટ અને મહેસાણા જેવા મુખ્ય શહેરોમાં એન.આર.જી. સેન્ટર્સ સ્થાપ્યા છે જે બિન નિવાસી ગુજરાતીઓને સુવિધાઓ પુરી પડે છે.
આ સેન્ટર્સ નીચે પ્રમાણેની સુવિધાઓ પુરી પડે છે.

- પ્રવાસન માર્ગદર્શન
- નિવાસ માર્ગદર્શન
- તબીબી સેવાઓમાં માર્ગદર્શન
- વ્યાપાર તકો અંગે માર્ગદર્શન
- શૈક્ષણિક તકો અંગે માર્ગદર્શન
- વિદેશી ચલણ મેળવવા અંગે માર્ગદર્શન
- ખરીદી અંગે માર્ગદર્શન
- બિન નિવાસી ગુજરાતી ડિરેક્ટરીમાં મદદ
- ગુજરાત કાર્ડની અરજીઓ સ્વીકારવી

## ગુજરાત કાર્ડ ઓનલાઈન મેળવો



બિન - નિવાસી ગુજરાતીઓની ગુજરાત મુલાકાત યાદગાર બનાવવા ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન દ્વારા 'ગુજરાત કાર્ડ' એક આગવી ઓળખ આપવામાં આવે છે. વિદેશમાં વસતા તથા ભારતમાં ગુજરાત બહાર વસતા બિન-નિવાસી ગુજરાતીઓને રૂ.૨૨૫ અથવા ૫ (પાંચ) યુ.એસ. ડોલરની નજીવી કિંમતે ગુજરાત કાર્ડ આપવામાં આવે છે. આ કાર્ડ હવે પ્રતિષ્ઠાનની વેબસાઇટ www.nri.gujarat.gov.in પરથી ઓનલાઇન ફોર્મ ભરી સાથે જરૂરી દસ્તાવેજો જોડી તેમજ પેમેન્ટ ગેટ વે દ્વારા ઓનલાઇન ફી ભરી મેળવી શકાય છે.

# દિવાળી

## મંગળ પ્રતીકો




**ભગવાન શ્રીરામના રાવણ પરના વિજયનું પ્રતીક એવું દિવાળી પર્વ પ્રકાશ પર્વ પણ છે. અંધકારનો નાશ કરવા માટે માત્ર એક દીવો પર્યાપ્ત છે. દિવાળી તો લાખો-કરોડો દીવાઓનો તહેવાર છે. દીવો હોય કે સ્વસ્તિક, કંકુ હોય કે કળશ, સદીઓથી આવાં કંઈકેટલાંય પ્રતીક આપણી શ્રદ્ધા અને પરંપરા સાથે એકરસ થઇ ગયાં છે. મંદિરથી લઈને લગભગ દરેક ઘરમાં આ પ્રતીકો આંગણું દીપાવે છે.**

સાથિયા અને દીવડા બંને પ્રચલિત મંગલ પ્રતીક છે. દિવાળી અને નૂતન વર્ષના શુભ પર્વમાં ઘરના પ્રવેશદ્વારે સંધ્યા ટાણે અને વહેલી સવારે દીવડા (દીવા, દીપ કે દીપક) પ્રગટાવેલા જોવા મળશે. બારણા પર લાલ કંકુથી સાથિયો (સ્વસ્તિક) દોર્યો હશે. અવનવી ભાતની રંગોળી અને બારણા પર લટકાવેલા કળાત્મક તોરણમાં પણ સાથિયો જોવા મળશે. તો શ્રી શારદા (ચોપડા) પૂજન વખતે ચોપડામાં કંકુથી સ્વસ્તિક દોરીને સ્વસ્તિશ્રી લખવામાં આવશે.



આ બંને પ્રતીક આપણા જીવનના અનેક શુભ પ્રસંગ સાથે સંકળાયેલાં છે. હિંદુ શાસ્ત્રો મુજબ સ્વસ્તિક એ હકારાત્મક ઊર્જા આપતું મંગલ અને કલ્યાણકારી પ્રતીક છે તો દીવડો પ્રકાશ અને જ્ઞાનનું પ્રતીક છે. એ ઉપરાંત, કુંભ (કળશ), આસોપાલવ, તુલસી, શ્રીફળ, વગેરે પણ શુભ પ્રતીક છે. એ જ રીતે ધ્વજા, મધ, દહીં, ગોળ, અશ્વ, હાથી, કમળ, કંકુ, ચંદન, શેરડી, ધરોનું ઘાસ, કુમારિકા, પનિહારી, ઘંટનાદ તેમ જ અમુક ફળ, વાજિંત્ર અને કેટલાંક પક્ષીના ધ્વનિને પણ મંગલકારી કે શુકનિયાળ માનવામાં આવે છે.

મંગલ (મંગળ) એટલે પવિત્ર કે શુભ. મંગલ એટલે સંસારથી પાર ઉતારે, વિઘ્નનો નાશ થાય અને પ્રસન્નતા પ્રગટે એ. આપણે ત્યાં મંગલ કે શુભ ભાવોને ચિત્ર, આકૃતિ, પ્રતીક, પદાર્થ, દ્રવ્ય દ્વારા રજૂ કરવાની પ્રચલિત પરંપરા છે, જે આજે પણ ટકી રહી છે. આપણાં શાસ્ત્રોમાં વિધાન છે કે દુષ્ટ-અશુભ તત્ત્વોને ખાળવા અને શુભત્વ પામવા અનેક લોકો જુદાં જુદાં શુભ પ્રતીકો ઉપયોગમાં લે છે. એમાં શ્રદ્ધા-આસ્થા દાખવે છે.



શુભ પ્રસંગે ઘરના દ્વાર પર આસોપાલવનું તોરણ બાંધવામાં આવે છે. અમુક શુભ અવસરે દરેક વ્યક્તિના કપાળ પર કંકુનો ચાંલ્લો થાય છે. કપાળમાં કંકુ તિલક મનોબળ માટે ઉત્તમ છે. ચંદન તિલકથી મનની શાંતિ અને કેસર તિલકથી વેપારમાં સમૃદ્ધિ મળે છે.

મંગલ પ્રતીકો સંસ્કૃતિનો વિકાસ સૂચવે છે. એમાંથી અનેક ચિહ્ન ધાર્મિક પ્રતીક તરીકે પ્રચલિત થયાં છે. ઘણાં મંગલ પ્રતીકો સાથે દંતકથા કે દૃષ્ટાંતો સંકળાયેલાં છે. પ્રતીકોનો સંબંધ સંજ્ઞા અને સૂત્ર સાથે પણ રહેલો છે. પ્રતીકો ભાવ અને અર્થ એમ બંનેને સાંકળે છે.

વિશ્વની ઉત્પત્તિ ધ્વનિથી થઈ. ઓમ (ઓમકાર) ધ્વનિનું પ્રતીક છે. હિંદુ, જૈન, વગેરે ધર્મમાં ઓમનું ચિહ્ન તથા અનેક પ્રતીકો, દ્રવ્યો, વગેરેનો વ્યાપક ઉપયોગ થાય છે. એમાં કંકુથી શ્રી સવા, શ્રી લાભ, શ્રી શુભ જેવું લેખન એ સંખ્યાત્મક મંગલ ગણાય છે. શ્રી સવા એ ધન-સંપત્તિની વૃદ્ધિ સૂચવે છે. શ્રીફળ, ચાંદીની મુદ્રા, ચોખા, વગેરે મંગલ પદાર્થ છે. શ્રીફળ બલિદાનનું પ્રતીક છે. ચાંદીના સિક્કા પર દેવ-દેવીની છાપ કે યંત્ર અંકિત કર્યાં હોય તો શુભ ગણાય છે. ચોખા પવિત્ર અને નિર્દોષ ધાન્ય છે. કપાળ પર કંકુ તિલક પછી ચોખા લગાવવાનું આ કારણ છે. અમુક પૂજાવિધિમાં ચોખા વપરાય છે, જ્યારે તુલસી, આસોપાલવ અને પીપળો પ્રકૃતિજન્ય પ્રતીક છે. તુલસી પવિત્ર દિવ્ય ઔષધિ છે, આસોપાલવ માંગલિક છે તો પીપળો પિતૃવિધિ સાથે સંકળાયેલો છે.

શુભ પ્રતીકો પ્રત્યે લોકઆસ્થાને કારણે સ્વસ્તિક, દીવડો, કળશ કે આસોપાલવનાં પાન આપણને નકશીકામ, શિલ્પ, આભૂષણ, ભરતગૂંથણ, ચિત્ર, સુશોભનકળામાં જોવા મળે. ગુજરાત રાજ્યના સ્થાપનાની સુવર્ણજયંતી ઉજવણીના લોગોમાં પાન અને શ્રીફળ સાથે કળાત્મક કળશને સ્થાન મળ્યું હતું.



બારણા પર કંકુથી શ્રી લાભ અને શ્રી શુભ લખવાની તથા સ્વસ્તિક દોરવાની પરંપરા છે. એનું હકારાત્મક પરિણામ જોવા મળે છે. દક્ષિણાભિમુખ દ્વાર પર કંકુથી શ્રી લાભ

અને શ્રી શુભ લખ્યું હોય તો વિશેષ ફળદાયી બને છે. આસોપાલવનું તોરણ સકારાત્મક ઊર્જા આપે છે. એ જ રીતે ઈશાન દિશામાં કમળનું ફૂલ તેમ જ અગ્નિ, નૈઋર્ત્ય અને વાયવ્ય દિશામાં અનુક્રમે ચંદન, નાળિયેર અને બીલીપત્ર શુભ ગણાય છે.

જૈન, બૌદ્ધ, વગેરે ધર્મગ્રંથોમાં પણ શુભ કે મંગલકારી પ્રતીકોનો ઉલ્લેખ જોવા મળે છે. જૈન ધર્મમાં આઠ માંગલિક પ્રતીક દર્શાવ્યાં છે, જેને અષ્ટમંગલ કહે છે. એમાં અષ્ટ એટલે આઠ અને મંગલ એટલે શુભ, પવિત્ર, વિઘ્ન (અશુભ) વિનાશક, સુખ-સમૃદ્ધિ કે પુણ્યનો વિસ્તારક. આઠ પ્રતીકમાં સ્વસ્તિક, શ્રીવત્સ, નંદ્યાવર્ત, વર્ધમાનક, ભદ્રાસન, પૂર્ણ કળશ, મીનયુગલ અને દર્પણનો સમાવેશ થાય છે. સ્વસ્તિક અને નંદ્યાવર્ત આકૃતિ મંગલ છે. શ્રીવત્સ ચિહ્ન મંગલ છે. વર્ધમાનક, ભદ્રાસન, પૂર્ણ કળશ અને દર્પણ એ વસ્તુ મંગલ છે તો મીનયુગલ જીવ મંગલ છે. બૌદ્ધધર્મીઓ પણ અષ્ટમંગલને પવિત્ર માને છે. અષ્ટમંગલને તિબેટિયન ભાષામાં તશી તાગ ગ્યાય કહે છે. બૌદ્ધ ધર્મનાં આઠ પ્રતીકમાં શ્વેત શંખ, કીમતી છત્ર, ધ્વજા, મીનયુગલ, ધર્મચક્ર, શ્રીવત્સ, પદ્મકમળ અને સુવર્ણ કળશ હોય છે.

મંગલ કે શુભ પ્રતીકો કોઈના અહિત માટે કે દ્વેષ-વિરોધભાવથી ઉપયોગમાં લેવાતાં નથી. પ્રતીકો કે આકારો ધર્મનાં પરિશુદ્ધ સ્વરૂપ છે, અંધશ્રદ્ધા નથી. પુરુષાર્થ અને પ્રારબ્ધની જેમ મંગલ પ્રભાવક પ્રતીક દ્વારા પણ સુખ-સમૃદ્ધિ પ્રાપ્તિની શુભ કામના થાય છે.

સ્વસ્તિક ને કળશઃ શિલ્પથી માંડી સુશોભન સુધી...

સ્વસ્તિક એ મંગલકારી, કલ્યાણકારી, સૌભાગ્યવાન અને ઊર્જાવાન પ્રતીક છે. એનો હિંદુ, જૈન અને બૌદ્ધ ઉપરાંત અમુક વિદેશી સંસ્કૃતિમાં મહિમા વર્ણવ્યો હોવાથી સર્વધર્મીય પરંપરામાં સ્વીકૃત છે. ભારતીય વાસ્તુશાસ્ત્ર અને શુકનશાસ્ત્રમાં સ્વસ્તિક પ્રભાવશાળી મનાય છે. કુંભારિયાના પ્રાચીન જિનાલય સહિત પ્રાચીન અનેક મંદિરોનાં શિલ્પોમાં સ્વસ્તિક જોવા મળે છે. સહેલાઈથી દોરી-આલેખી શકાય એવો સ્વસ્તિક માટી, મૂર્તિ, દંત, મુદ્રા, શિલ્પ, વાસ્તુ, આભૂષણ, ચિત્ર, સુશોભન, વગેરે કળામાં જોવા મળે છે. અનેક ગ્રંથો, પ્રાચીન કાવ્યો, ગીતો, ભજનો, ગરબામાં પણ એનો ઉલ્લેખ થયો છે. ઘર, મંદિર, નવા વાહન, યંત્ર, વગેરે પર કંકુથી સ્વસ્તિક આલેખાય છે.




સ્વસ્તિકનાં ચાર પાંખિયાં (પાંખડી) વિશે વિવિધ ધર્મ, પરંપરા, શાસ્ત્રોમાં જુદાં જુદાં અર્થઘટન જોવા મળે, જેમ કે ચાર (ધર્મ, અર્થ, કામ તથા મોક્ષ) પુરુષાર્થ, ચાર (સત્ય, દ્વાપર, ત્રેતા, કલિ) યુગ, ચાર (બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ, સંન્યાસ) વર્ણાશ્રમ, ચાર (ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ) વેદ, ચાર (દેવ, મનુષ્ય, નરક, તિર્યંચ) ગતિ સૂચવે છે.

બીજી બાજુ, કળશ પૂર્ણ, કળશ, કુંભ, જલ કુંભ, ભદ્ર કળશ, વગેરે નામે ઓળખાય છે. ઋગ્વેદ, સ્કંદપુરાણ, મત્સ્યપુરાણ, વગેરેમાં એનો ઉલ્લેખ જોવા મળે છે. કળશ, દેવપૂજાનું ઉપકરણ છે. પ્રભુને શુદ્ધ પવિત્ર જળનો અભિષેક કરવા કળશનો ઉપયોગ થાય છે. પૂર્ણ કળશમાં લક્ષ્મીદેવીનો વાસ હોવાની માન્યતા છે. શિલ્પશાસ્ત્રમાં મંદિરના શિખરની ટોચે આમલસારા ઉપર મંગળ કળશ સ્થાપવાનું વિધાન છે. અમુક કળશ સુવર્ણથી મઢ્યા હોય છે. પ્રાચીન કાળમાં રાજ્યાભિષેક સમયે રાજાને સુવર્ણ કળશથી સ્નાન કરાવવામાં આવતું.

કળશ સાધારણ રીતે માટી, તાંબું, પિત્તળ, ચાંદી, સોનું, રત્નોમાંથી બનાવવામાં આવે છે. એ પૂર્ણતા અને સંપન્નતાનું પ્રતીક છે. માટીનો કળશ પૃથ્વીતત્ત્વ અને જળતત્ત્વનું પ્રતિનિધિત્વ કરે છે. કળશ કે કુંભનો વાસ્તુ, લગ્ન, પૂજા, શોભાયાત્રા, વગેરે પ્રસંગે ઉપયોગ થાય છે. અમુક ધાર્મિક કે પૂજાવિધિ સમયે કળશમાં પવિત્ર જળ કે નદીનાં જળ ભરવામાં આવે છે. કળશ પર કંકુ તિલક થાય અને એના મુખ પર પાંદડાં ને શ્રીફળ મૂકવામાં આવે છે. પ્રાચીનની જેમ વર્તમાન સમયે પણ કળશ વિવિધ કળાત્મક સ્વરૂપોમાં જોવા મળે છે.

(Source : https://chitralekha.com)



# નેશનલ ગેમ્સનું સમાપન : ગુજરાતને ૧૩ ગોલ્ડ સહિત કુલ ૪૯ મેડલ્સ

## નેશનલ ગેમ્સમાં ગુજરાતને ગોલ્ડ મેડલ અપાવનાર ખેલાડીઓ



માના પટેલ | પ્રજ્ઞા મોહન | પુજા પટેલ | ઇલોવેનિલ | હરમીત દેસાઇ | ક્રીતવિકા રોય-માનુષ શાહ | સોફ્ટ ટેનિસ પુરુષ ટીમ

૩૬મી નેશનલ ગેમ્સનો સુરતમાં સમાપન સમારોહ યોજાયો. આ ગેમ્સમાં ૬૫૦૦થી વધુ ખેલાડીઓએ ભાગ લીધો હતો. યજમાન રાજ્ય ગુજરાતે નેશનલ ગેમ્સમાં પોતાનું અત્યાર સુધીનું શ્રેષ્ઠ પ્રદર્શન કરતા ૧૩ ગોલ્ડ, ૧૫ સિલ્વર અને ૨૧ બ્રોન્ઝ સાથે કુલ ૪૯ મેડલ્સ મેળવ્યા.

ગુજરાત માટે માના પટેલે સ્વિમિંગમાં ૬ મેડલ્સ પોતાના નામે કર્યા હતા. ઓવરઓલ એક્વેટિક્સમાં ગુજરાતને ૪૯માંથી ૧૧ મેડલ્સ મળ્યા હતા. આ ઉપરાંત ગુજરાતે ટેબલ ટેનિસમાં ૬, ટેનિસ અને સોફ્ટ ટેનિસમાં ૫-૫ તથા યોગાસનમાં ૪ મેડલ્સ જીત્યા.

નેશનલ ગેમ્સની ક્લોઝિંગ સેરેમનીમાં ભારતના ઉપરાષ્ટ્રપતિ શ્રી જગદીપ ધનખડ, લોકસભાના સ્પીકર શ્રી ઓમ બિરલા, ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલ અને રમત મંત્રી શ્રી હર્ષ સંઘવી સહિતના મહાનુભાવો હાજર રહ્યા હતા. સમાપન સમારોહ દરમિયાન ઉપરાષ્ટ્રપતિશ્રીએ કહ્યું હતું કે, 'મને સંપૂર્ણ આશા છે કે બધા એથ્લિટ્સ ગુજરાતમાંથી મીઠી યાદગીરી સાથે પોતાના રાજ્ય પાછા ફરશે. મને વિશ્વાસ છે કે આવનાર સમયમાં ભારત વહેલી તકે ઓલિમ્પિકની યજમાની કરશે.' ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ આ અવસરે સ્પોર્ટ્સ યુનિવર્સિટી અને નવી સ્પોર્ટ્સ પોલિસી થકી ઓલિમ્પિક એથ્લિટ બનાવવામાં રાજ્યને મદદ મળશે એવી આશા વ્યક્ત કરી હતી.

## ગુજરાતે નેશનલ ગેમ્સમાં જીતેલા મેડલ

| રમત | ગોલ્ડ | સિલ્વર | બ્રોન્ઝ | કુલ |
|---|---|---|---|---|
| એક્વેટિક્સ | ૩ | ૬ | ૨ | ૧૧ |
| તિરંદાજી | ૦ | ૧ | ૨ | ૩ |
| બેડમિન્ટન | ૦ | ૦ | ૨ | ૨ |
| બીચ સ્પોર્ટ્સ | ૦ | ૧ | ૦ | ૧ |
| બોક્સિંગ | ૦ | ૦ | ૨ | ૨ |
| કેનોઇંગ | ૦ | ૧ | ૦ | ૧ |
| જૂડો | ૦ | ૦ | ૨ | ૨ |
| મલખંભ | ૦ | ૦ | ૧ | ૧ |
| નેટબોલ | ૦ | ૦ | ૧ | ૧ |
| રોલર સ્પોર્ટ્સ | ૦ | ૧ | ૦ | ૧ |
| શૂટિંગ | ૧ | ૦ | ૦ | ૧ |
| સોફ્ટ ટેનિસ | ૧ | ૨ | ૨ | ૫ |
| ટેબલ ટેનિસ | ૩ | ૦ | ૩ | ૬ |
| ટેનિસ | ૨ | ૧ | ૨ | ૫ |
| ટ્રાયથ્લોન | ૧ | ૧ | ૦ | ૨ |
| રેસલિંગ | ૦ | ૦ | ૧ | ૧ |
| યોગાસન | ૨ | ૧ | ૧ | ૪ |
| કુલ | ૧૩ | ૧૫ | ૨૧ | ૪૯ |

સંદર્ભ : દિવ્ય ભાસ્કર, તા. ૧૩.૧૦.૨૦૨૨)

## ગુજરાત સ્પોર્ટ્સ પોલિસી ૨૦૨૨-૨૭

માર્ચ ૨૦૨૨માં ખેલકૂદ મહાકુંભની શરૂઆત સાથે નવી ગુજરાત સ્પોર્ટ્સ પોલિસી જાહેર કરવામાં આવી હતી. આ પોલિસીની હાઇલાઇટ્સ જોઈએ તો –

### ગુજરાત બનશે સ્પોર્ટ્સ હબ

- ગુજરાત પેરાએથ્લેટ કેન્દ્રિત હાઇ પર્ફોર્મન્સ સેન્ટર સ્થાપિત કરનાર પ્રથમ રાજ્ય બનશે.
- ગુજરાતમાં ચાર નવા વર્લ્ડ ક્લાસ હાઇ પર્ફોર્મન્સ સેન્ટર બનશે.
- ગુજરાતના તમામ નવા સ્પોર્ટ્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચર્સ હવે ઓલિમ્પિકના માપદંડોના આધારે બનશે.
- રાજ્યમાં કોચ માન્યતા અને કોચ કારકિર્દી પાથ-વે પ્રોગ્રામ શરૂ થશે.

### સ્પોર્ટ્સ ક્ષેત્રે આયોજનબદ્ધ કાર્યો

- સરકારી એથ્લેટ અને પેરાએથ્લેટને રોકડ પુરસ્કાર આપવામાં ગુજરાત અગ્રણી બનશે.
- ગુજરાત સ્પોર્ટ્સ ગુડ્સ મેન્યુફેક્ચરિંગ ક્લસ્ટર સ્થાપવાવાળું ભારતનું પ્રથમ રાજ્ય બનશે.
- ખેલ મહાકુંભ એશિયાનો સૌથી મોટો સ્પોર્ટ્સ આઈડેંટિફિકેશન અને ડેવલપમેન્ટ પ્રોગ્રામ બનશે.
- ગુજરાત સિંગલ અને મલ્ટી-સ્પોર્ટ્સ ઇવેન્ટ્સનું યજમાન બનશે.

### હોલિસ્ટિક એપ્રોચ સાથે સ્પોર્ટ્સનો વિકાસ

- સ્પોર્ટ્સ યુનિવર્સિટી દ્વારા એડવાન્સ ડેટા એનાલિટીક્સ અને મોડ્યુલ્સ વિકાસવવામાં આવશે.
- નેટ ઝીરો અને કાર્બન ન્યુટ્રલ ઇન્ફ્રાસ્ટ્રકચર તથા સ્પોર્ટ્સ ઇવેન્ટ્સનું આયોજન થશે.
- રાજ્યમાં આદિવાસી લોકોમાં રમતગમતને પ્રોત્સાહન આપવા વિશેષ પ્રોગ્રામ શરૂ થશે.
- ગુજરાત એથ્લેટ વેલ્ફેર પ્રોગ્રામ શરૂ કરનારું પ્રથમ રાજ્ય બનશે.

### ગુજરાતમાં વિકસિત થશે સ્પોર્ટ્સ કલ્ચર

- રમતગમતને વધુ સુચારુ બનાવવા કડક આચાર સંહિતનો અમલ થશે.
- આધુનિક ટેકનોલોજીના ઉપયોગ થકી ગુજરાત સ્પોર્ટ્સ ગવર્નન્સ પેપરલેસ, પારદર્શી અને સમયબદ્ધ બનશે.
- સ્પોર્ટ્સ એસોસિએશન સાથે મળીને સ્પોર્ટ્સ લીગ અને કોમ્પિટિશનનું આયોજન થશે.

# કેનેડામાં ડોક્ટરોની અછત જોતાં
## ભારતીય ડોક્ટરો માટે પીઆર મેળવવાની તક

કેનેડામાં ડોક્ટરોની મોટી અછત છે. માટે કેનેડાની સરકાર વિશ્વભરના ડોક્ટરો કેનેડામાં સ્થાયી થઈ શકે એ માટેની પ્રક્રિયાને સરળ બનાવી રહી છે. કેનેડાના ઇમિગ્રેશન, રેફ્યુજીસ એન્ડ સિટીઝનશિપ મિનિસ્ટર સીન ફ્રેઝરે જાહેરાત કરી છે કે વિદેશમાં જન્મેલા ફિઝિશિયન્સ કેનેડામાં રહીને પ્રેક્ટિસ કરી શકે તે માટે તેઓ પ્રક્રિયાને સરળ બનાવવા જઈ રહ્યા છે.

હાલમાં ડોક્ટરોને એક્સપ્રેસ એન્ટ્રી સિસ્ટમ હેઠળ કુશળ કામદારો માટેના કેનેડાના ફ્લેગશિપ પ્રોગ્રામ દ્વારા કાયમી નાગરિકતા મેળવવામાં મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો હતો, કારણ કે કેનેડામાં હેલ્થકેર વ્યવસાયિકો માટે 'ફી-ફોર-સર્વિસ' મોડલ હેઠળ એમ્પ્લોયર-કર્મચારી સંબંધો આવરી લેવાયા નથી. પરિણામે ડોક્ટરોને હાલમાં સ્વ-રોજગાર ગણવામાં આવે છે, જેના કારણે તેઓ કાયમી રહેઠાણ માટેના આર્થિક યોગ્યતા માપદંડોને પૂર્ણ કરી શકતા નથી. આ સમસ્યાના ઉકેલ માટે મંત્રી ફ્રેઝરે જાહેરાત કરી કે IRCC ફિઝિશ્યન્સ, જેઓ જાહેર આરોગ્ય સત્તાવાળાઓ સાથે ફી-ફોર-સર્વિસ મોડલમાં કામ કરે છે, તેમને વર્તમાન નિયમોમાંથી મુક્તિ આપી રહી છે. આ ફેરફારથી કેનેડાની હેલ્થકેર સિસ્ટમમાં પહેલાથી જ મોટી સંખ્યામાં કાર્યરત ફિઝિશિયન્સ અહીં કાયમી રહી શકશે.

(Source : Immigration Times, 30th September 2022)

# કેનેડા સરકારે વર્ક અવર લિમિટ્સ દૂર કરી
## ભારતીય વિદ્યાર્થીઓ અઠવાડીયામાં ૨૦ કલાકથી વધારે કામ કરી શકશે.

કેનેડા સરકાર ઇન્ટરનેશનલ સ્ટુડન્ટ્સ માટે અઠવાડીયામાં ૨૦ કલાક સુધી જ કામ કરી શકવાની મર્યાદા દૂર કરવા જઈ રહી છે. કેનેડાના ઇમિગ્રેશન મંત્રી સીન ફ્રેઝરે આ જાહેરાત કરી હતી. નવી નીતિનો લાભ માત્ર એવા ઇન્ટરનેશનલ સ્ટુડન્ટ્સને મળશે જેઓ ફૂલ ટાઈમ અભ્યાસ કરે છે. આ નીતિ ૧૫ નવેમ્બરથી લાગુ થવાથી કેનેડામાં અભ્યાસ કરતાં હજારો ભારતીય વિદ્યાર્થીઓને રાહત મળશે. અગાઉ વિદ્યાર્થીઓએ જણાવ્યુ હતું કે સપ્તાહમાં ૨૦ કલાક કામ કરવાની મર્યાદાથી તેમનું શોષણ થતું હતું જે હવે અટકશે. કારણ કે ઘણીવાર તેમને કોઈપણ સુરક્ષા વિના લાંબા સમય સુધી કામ કરવાની ફરજ પાડવામાં આવતી હતી. ઉલ્લેખનીય છે કે કેનેડામાં જુલાઇ મહિનામાં જોબ વેકેન્સી રેટ ૫.૪ ટકા હતો જે એપ્રિલમાં ૬ ટકા હતો. જુલાઇ સુધીમાં કેનેડાના નોકરીદાતાઓ અંદાજે ૧૦ લાખથી વધુ જગ્યાઓ ભરવા માટે ઉત્સુક હતા. ફ્રેઝરે જણાવ્યુ હતું કે કેનેડામાં હવે દરેક કૉમ્યુનિટી માટે નોકરીની વિપુલ તકો છે. તેમણે ઉમેર્યું હતું કે કેટલાક વિદ્યાર્થીઓ સર્વિસ સેક્ટરમાં નોકરી મેળવી શકશે પણ મોટાભાગના વિદ્યાર્થીઓ તેમના અભ્યાસ ક્ષેત્રને લગતી જોબ મેળવી શકશે. ફ્રેઝરે કહ્યું હતું કે કામ કરવાની સમયમર્યાદાને દૂર કરવાથી વિદ્યાર્થીઓ માટે નોકરીની તકોમાં પણ વધારો થશે. લેબર ફોર્સની જરૂરિયાત પૂરી કરવા માટે ઇન્ટરનેશનલ સ્ટુડન્ટ્સ પરની કેનેડાની નિર્ભરતામાં સતત વધારો થઈ રહ્યો છે.

કેનેડામાં ભારતના અંદાજે એક લાખ વિદ્યાર્થીઓ છે જે ૨૦૧૯માં કોરોના પહેલા ૧ લાખ ૩૨ હજાર હતા. ભારતના આ સ્ટુડન્ટ્સ અને વિદેશના જે સ્ટુડન્ટ્સ કેનેડામાં ભણે છે એવા ૫ લાખ જેટલા સ્ટુડન્ટ્સને લાભ થશે.

સંદર્ભ : દિવ્ય ભાસ્કર, તા. ૮.૧૦.૨૦૨૨)



# ચાલો દિવાળીમાં દીપ સજાવીએ

**ચેન્નાઈ સ્થિત શ્રી સુરેશ જે. પારેખ દ્વારા દિવાળી અને નુતન વર્ષાભિનંદન નિમિત્તે એક સુંદર કવિતા મોકલવામાં આવી છે જે અહીં રજૂ કરીએ છીએ.**

કોઇની ભીની આંખોના આંસુ લૂછીએ,
શ્રમજીવીના ઝૂંપડે કોડિયા કરીએ.
અંધારી ઝૂંપડીએ ઝગમગાટ લાવીએ,
ચાલો દિવાળીમાં દીપ સજાવીએ.

ખાલી ઉદરોને અન્નથી ભરીએ,
શ્રમજીવીના આંગણે રંગત લાવીએ.
નુતન વર્ષની શુભેચ્છાઓ પાઠવીએ,
ચાલો એમની દિવાળીને ઉજ્જવળ કરીએ.

ચરિત્રને બદલે ચારિત્ર શુદ્ધ કરીએ,
પ્રદૂષિત વાતાવરણથી મુક્ત થઈએ.
પરસ્પર સદભાવ અને સમજણ વધારીએ,
ચાલો દિવાળીમાં રંગત લાવીએ.

નવી આશાઓમાં ઉમંગ જગાવીએ,
અંતર આત્માને ઓળખી લઈએ.
આંતરિક ઊર્જાના દર્શન કરીએ,
ચાલો આ દિવાળીમાં દીપ પ્રગટાવીએ.

વિક્રમ સંવત ૨૦૭૯, તા. ૨૬.૧૦.૨૦૨૨ ને બુધવારથી શરૂ થતું નવલું વર્ષ શુભ મંગળ બની રહે, સહુના જીવન બાગમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ લાવે, પાવન અવસર, પાવનપર્વ, સકળ વિશ્વ શુભમય બની રહે, સર્વેમાં 'વસુધૈવ કુટુંબકમ'ની ભાવના જાગે એવી અનેક શુભકામનાઓ સાથે સર્વેને નુતન વર્ષાભિનંદન.

## આઇફોનના સ્પેરપાર્ટ્સ સુરતમાં બનશે, ૧ હજાર કરોડના એમઓયુ થયા

એપલ મોબાઈલમાં ઉપયોગ થતા સ્પેરપાર્ટ્સ હવે ચીન નહીં, પણ સુરતમાં બનશે. સુરતની હીરા અને એન્જિનિયરિંગ કંપની સાથે જોડાયેલી જાણીતી કંપનીએ એપલ કોર્પોરેશન સાથે એક હજાર કરોડ રૂપિયાના MoU સાઈન કર્યા છે, જેમાં સુરતની કંપની દ્વારા એન્જિનિયરિંગ ટેક્નોલોજીનો ઉપયોગ કરીને એપલ કંપનીના મોબાઇલ ફોનના સ્પેરપાર્ટ્સ તૈયાર કરવામાં આવશે. ચીનમાં સ્પેરપાર્ટસ બનાવતી કંપની સાથેનો કોન્ટ્રેક્ટ પૂરો થયા બાદ ચીનના ઓપ્શનમાં એપલ કંપની દ્વારા સુરતની એન્જિનિયરિંગ કંપનીને કામ આપવામાં આવ્યું છે. એપલ દ્વારા સ્પેરપાર્ટ્સના મેન્યુફેક્ચરિંગ માટે ગ્લોબલ ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું. જેમાં સુરતની એન્જિનિયરિંગ કંપની સહિત વિશ્વની અલગ અલગ કંપનીઓ દ્વારા ટેન્ડર ભરવામાં આવ્યાં હતાં. સુરતની કંપનીના ભાવો સહિતની શરતો યોગ્ય લાગતાં એપલ દ્વારા સુરતીની કંપની સાથે એમઓયુ સાઈન કરવામાં આવ્યા છે. સુરતની એન્જિનિયરિંગ કંપની દ્વારા ટૂંક સમયમાં જ પ્રોડક્શન પણ ચાલું કરી દેવામાં આવશે.

## FMCG સેક્ટરમાં ગુજરાતી કંપનીઓની બોલબાલા : ૨૦ ટકાથી વધુ ગ્રોથનો અંદાજ



એફએમસીજી (ફાસ્ટ મૂવિંગ કન્ઝ્યુમર ગુડ્સ) સેક્ટરમાં ફૂડ્સ એન્ડ બેવરેજીસમાં દેશ-વિદેશમાં ગુજરાતી કંપનીઓની બોલબાલા રહી છે. ગુજરાતની ટોચની ત્રણ-ચાર કંપનીઓ માર્કેટ લીડર છે. સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં કંપનીઓ મોટાપાયે મેન્યુફેક્ચરિંગ દ્વારા દેશ-વિદેશમાં વર્ચસ્વ ધરાવે છે. સુરતની અગ્રણી યુરો ઈન્ડિયા ફ્રેશ ફૂડ્સ લી.ના સીએમડી મનહરભાઈ સાસપરાએ જણાવ્યુ હતું કે આ સેગમેન્ટમાં મોટા પાયે રોકાણ આવી રહ્યું છે. તેઓ તાજેતરમાં ૪૫૦-૫૦૦ કરોડના રોકાણ દ્વારા નવી પ્રોડક્ટ ડેવલપ અને માર્કેટ હિસ્સો વધારવા પર ધ્યાન આપી રહ્યા છે. આ સેક્ટરમાં ૨૫-૩૦ ટકાના ગ્રોથનો અંદાજ છે.

## સૌરાષ્ટ્રનો ઇલેક્ટ્રોનિક્સ ઉદ્યોગ : રૂ.૧૦૦ કરોડના વેપાર સાથે દિવાળીમાં પ્રકાશ ફેલાવશે



પ્રકાશનું પર્વ દિવાળીમાં ઇલેક્ટ્રીક ડેકોરેશન અને લાઇટિંગમાં સૌરાષ્ટ્રમાં રૂ. ૧૦૦ કરોડના વેપારની ચમક પથરાશે. ડેકોરેશન, લાઇટિંગમાં પહેલા ચીન પર મોટાપાયે આધાર રહેતો પણ હવે રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાં ૧૦૦ નવી કંપની છેલ્લા બે વર્ષમાં આવી છે. ઘરઆંગણે જ ઉત્પાદન થતાં નવી રોજગારીનું સર્જન થયું છે. ગયા વર્ષ કરતાં આ વર્ષે ખરીદી વધુ થઈ રહી છે. માટે વેપાર પણ બમણો થવાની અપેક્ષા છે. અગાઉ કાચ, પ્લાસ્ટિકમાંથી જ ડેકોરેશન અને લાઇટિંગની ચીજવસ્તુ બનતી હતી પરંતુ હવે વાંસમાંથી બનતી પ્રોડક્ટમાં પણ લાઇટિંગ અને ડેકોરેશનની વસ્તુ બનવા લાગી છે. અહીં ભાદરવા મહિનાની ગણેશ ચતુર્થીથી જ વેપાર શરૂ થઈ જાય છે જે દિવાળી સુધી ચાલુ રહે છે. ઘરસજાવટ, કોમર્શિયલ બિલ્ડીંગ અને ઔદ્યોગિક એકમોને શણગારવા માટે અલગ ફાળવાય છે. શાપરમાં એલઇડી લાઇટનું ઉત્પાદન તેમજ દીવડા અને રોશનીની સીરિઝમાં જોબવર્ક થવા લાગ્યું છે. આ કામગીરીમાં મહિલાઓ પણ જોડાઈ રહી છે જેને કારણે તેઓને મળતી રોજીરોટીમાં પણ વધારો થયો છે. ધૂળેટીના પર્વ બાદ આ એકમો ત્રણ-ત્રણ શિફ્ટમાં કામ કરે છે.

## વતન પ્રેમ : અમેરિકાથી NRI રૂ. ૨૪.૭ હજાર કરોડ ભારત મોકલશે

અમેરિકામાં રહેતા ભારતીય મૂળના લોકોએ મોટો સંકલ્પ કર્યો છે. ૧૪ સ્વૈચ્છિક સંસ્થાઓના એક સંયુક્ત સંગઠન ઈન્ડિયા ફિલાનથ્રોપી એલાયન્સ (આઈપીએ)એ ઈન્ડિયા ગિવિંગ ડે મનાવવાની જાહેરાત કરી છે. આ દિવસ ૨ માર્ચ, ૨૦૨૩ના રોજ ઊજવાશે. આ દિવસે તેઓ ભારત માટે માનવીય અને વિકાસ લક્ષ્યો પ્રાપ્ત કરવા ભંડોળ ભેગું કરશે. આઈપીએ વર્ષે એક બિલિયન ડૉલર એટલે કે રૂ. ૮૨૧૯ કરોડ ભેગા કરે છે, પરંતુ હવે આગામી વર્ષ સુધીમાં તેણે ત્રણ બિલિયન ડૉલર એટલે કે રૂ. ૨૪,૬૫૭ કરોડ ભેગા કરવાનું લક્ષ્ય રાખ્યું છે. આ રકમ ભારતમાં ગરીબી અને ભૂખમરા સામે લડવા માટે ખર્ચ કરાશે. બીજી ઓક્ટોબર, ગાંધી જયંતીના રોજ વૉશિંગ્ટનમાં થયેલા એક કાર્યક્રમમાં આઈપીએએ ઈન્ડિયા ગિવિંગ ડે મનાવવાનો સંકલ્પ કર્યો હતો. આ માટે ૨ માર્ચ પહેલા ૧૦ દિવસ વિશેષ અભિયાન ચલાવીને અમેરિકામાં રહેતા ભારતીય યુવાનોને જોડાશે. આઈપીએ પ્રમાણે, તેનાથી ભારત અને અમેરિકાના સંબંધ મજબૂત થશે. ઈન્ડિયા ફિલાનથ્રોપી એલાયન્સના અધ્યક્ષ દીપક રાજના મતે, ભારતે પોતાના આઝાદી પછી ૭૫ વર્ષ વીતાવ્યા છે. હજુ ઘણું હાંસલ કરવાનું બાકી છે. જો આપણામાંથી દરેક ભારતીય પોતાની કમાણીનો થોડો હિસ્સો આપવા તૈયાર થશે, તો ભારત ચોક્કસ ઝડપથી વિકાસ કરશે. ભારતીય મૂળના લોકો અમેરિકન અર્થતંત્રમાં ઘણું યોગદાન આપતા આવ્યા છે. હવે તેઓ પોતાના દેશ માટે કંઈ વિચારે તે પણ જરૂરી છે.

(Source : www.divyabhaskar.co.in)